૬૦૧/૨,૯૯૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રવીણ - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

**વિભાગ-૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - દસમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૬**

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** [૬]
**(સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે.)**

૧. એકાંતિક થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે. (૭૪ થી ૭૫)
૨. નિરાકાર સમજવાથી ખોટ (૧૧)
૩. ઉપાસના એટલે શું ? (૨)
૪. ઉત્પત્તિ સર્ગ (૪૧)

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]
**ઉદાહરણ : 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ; તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.'**
**જવાબ : ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર**

૧. 'બ્રહ્મ તો એકદેશી છે પણ સર્વદેશી નથી.' (૧૬)
૨. 'આ દેખાય છે એવી ને એવી મૂર્તિ અક્ષરધામમાં છે. લગારે ફેર નથી.' (૧૨૬)
૩. 'નારી નયન શર જાહી ન લાગા, ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા,
લોભ પાશ જેહિ ગર ન બંધાયા, સો નર તુમ્હ સમાન રઘુરાયા' (૮૪)
૪. 'બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.' (૩૦)
૫. 'તેમ દેશ, કાળ, કર્મ માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે.' (૬)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]
**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામી પોતે અક્ષરબ્રહ્મ છે એવી વાત કોને કોને કરી ? (૧૨૨-૧૨૪)
(૧) ☐ સાધુ કેશવજીવનદાસ (૨) ☐ વાઘા ખાચર
(૩) ☐ નાજા કામળીયા (૪) ☐ નાજા જોગીયા

૨. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામીસેવક ભાવે ઉપાસના કરવાની વાત કયા કયા ગ્રંથોમાં છે ? (૯૬)
(૧) ☐ શિક્ષાપત્રી (૨) ☐ સત્સંગિજીવન (૩) ☐ હરિચરિત્ર ચિંતામણી (૪) ☐ વેદરસ

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો.** [૪]

૧. એ તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે ને ધનવંતર વૈદ્ય છે. (૧૨૯)
૨. સ્વામી ! ગામડે ફરવા જાઓ; શાંતિ થશે. (૭૦)
૩. રઘુવીરજી મહારાજની ગ્રંથિઓ ગળી ગઈ. (૧૩૩)

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. ગુણાતીત સંત એ ભગવાનનું પ્રગટ સ્વરૂપ છતાં ભગવાનના દાસ. (૯૩)
૨. 'સ્વામી અક્ષર છે' જીવન અને કાર્યને આધારે (કોઈપણ બે પ્રસંગો) (૧૩૮)
૩. પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ : એક અને અદ્વિતીય (૪૬)
૪. પ્રગટ ગુણાતીત સંતનો મહિમા - ગુણાતીતાનંદ સ્વામીના શ્રીમુખે (૮૯)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** [૮]

૧. અનંતધામના પતિ, તેમજ તે ધામના મુક્ત તે શ્રીજીમહારાજની મૂર્તિને વિષે તણાઈ ગયા. (૩૭)
૨. સર્વકર્તાહર્તા સમજવાની આવશ્યકતા (૭)
૩. શ્રીજીમહારાજ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ દ્વારા અખંડ પ્રગટ છે. (૬૫)
૪. મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું કે ઉપાસક તો આવા જ હોય. (૫૦)

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો.** [૭]
**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. ધામમાં જે પરબ્રહ્મનું સ્વરૂપ ....... આ શ્રીજીમહારાજ છે. (૧૪૨)
૨. પુરુષોત્તમનારાયણની જેમ ....... છે. (૧૪૩)
૩. શ્રીજીમહારાજ પૂર્ણ ....... દિવ્ય છે. (૧૪૨)
૪. સગુણપણું અને ....... અતિશય સૂક્ષ્મ છે. (૧૪૩)

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૫. મુક્તિ અવસ્થામાં ....... પામતો તેમ ન સમજવું. (૧૪૪)
૬. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ....... તેજ છે તેમ ન સમજવું. (૧૪૫)
૭. શિક્ષાપત્રી અને ....... કરી શકાય છે તેમ ન સમજવું. (૧૪૫)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૮ ટૂંકનોંધ લખો.** - અક્ષરધામાધિપતિ સર્વોપરી શ્રીહરિ (૩૦) [૫]

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - છઠ્ઠી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૬
## યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - ચતુર્થ આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૬

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આવી લીલા ક્યારેય નહોતી કરી.'' (૫૮) **અથવા** ૨. ''તમે તેમને મળો પછી હું આવીશ.'' (૪)

૩. ''આપ અહીં અખંડ રહો. મોટા મોટા જગન કરો.'' (૫૪) **અથવા** ૪. ''મને હતું જ કે બાપા જરૂર આવશે.'' (૪૩)

૫. ''વિફરશે તો કેટલાંયને વાટી નાંખશે !'' (૨૯) **અથવા** ૬. ''લો, પી જાઓ. જલદી સારું થઈ જાય.'' (૨૪)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** [૮]

૧. શિવલાલભાઈને રંચ માત્ર ખરખરો થતો નહિ. (૭૦-૭૧) **અથવા**

૨. નિષ્કુળાનંદ સ્વામી સસરાને ત્યાં ભિક્ષા માગવા ગયા. (૩૩)

૩. પાદરીએ ફ્રેન્કને ચર્ચની સભામાં પ્રમુખસ્વામી મહારાજની વાત કરવા કહ્યું. (૫૩) **અથવા**

૪. હરિજન યુવાનોની લઘુતાગ્રંથી ઓગળી ગઈ. (૨૨)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતના આગ્રહી મુકુંદદાસ. (૧૪) **અથવા** ૨. રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી વચ્ચેનો સ્નેહ સંબંધ (૪૩-૪૬)

૩. હિન્દુસ્તાનથી આવેલા અજબ ઓલિયા. (૫૨-૫૩) **અથવા** ૪. સ્વામીશ્રીની ભક્તો પ્રત્યે આત્મીયતા. (૩૮)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ચલાખાનું આશ્ચર્ય જોઈ લાલજી ભક્તને શું દૃઢ થયું ? (૩૧)

૨. ધરમપુરમાં ભીલોને શ્રીજીમહારાજ કેવી રીતે વર્તમાન ધરાવતા ? (૫૪)

૩. દલપતરામે મુક્તાનંદ સ્વામીની વાણીને શું ઉપમા આપી છે ? (૨૨)

૪. ચોરને ટાંકામાંથી કોણે બહાર કાઢ્યો ? (૪૧)

૫. શાંતિ ભગતને ભાગવતી દીક્ષા ક્યાં અને ક્યારે આપી ? (૮)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. મુક્તાનંદ સ્વામીએ રચેલ કીર્તનો (૧૯, ૨૧, ૨૬)

(૧) ☐ ''અનુભવી આનંદમાં.....'' (૨) ☐ ''છાંડી કે શ્રીકૃષ્ણ દેવ.....''

(૩) ☐ ''સુખદાયક રે સ્વામી સહજાનંદ.....'' (૪) ☐ ''ભ્રમણા ભાંગી રે હો હૈયાની.....''

૨. રઘુવીરજી મહારાજ કોની કોની સલાહ લેતા ? (૪૧)

(૧) ☐ ગોપાળાનંદ સ્વામી (૨) ☐ શુક સ્વામી (૩) ☐ ગુણાતીતાનંદ સ્વામી (૪) ☐ નિત્યાનંદ સ્વામી

૩. પ્રમુખસ્વામી મહારાજની પ્રશંસા કરનાર ધર્મગુરુઓ (૧૧, ૧૨)

(૧) ☐ સ્વામીશ્રી આત્માનંદજી (૨) ☐ સચ્ચિદાનંદ સ્વામી

(૩) ☐ ચિદાનંદ સ્વામી (૪) ☐ શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી

૪. પ્રમુખસ્વામી મહારાજે બીમારીમાં પધરામણી કરી હોય તેવાં ગામ અને વિસ્તારોનાં નામ (૧૩)

(૧) ☐ લક્ષ્મીપુરા (૨) ☐ વાસદ (૩) ☐ ત્રિચિનાપલ્લી (૪) ☐ ઓદરકા

## વિભાગ-૩ : નિબંધ

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** [૧૫]

૧. આધ્યાત્મિક સાધનાના પથદર્શક - પ્રમુખસ્વામી મહારાજ ૨. માનસિક તાણનો ઈલાજ : અંદર કે બહાર ?

૩. ચાતુર્માસ : આંતર ખોજનું પર્વ

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.**

❊ ❊ ❊